Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# 'લાશ' : સામાજિક વિષમતા, મનોવ્યથા અને અસ્તિત્વની ભીષણતાનું ચિત્રણ

દલિત સાહિત્ય અને આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાના ફલક પર રમણ માધવ લિખિત વાર્તા 'લાશ'એક અત્યંત પ્રભાવશાળી, સંવેદનાસભર અને સામાજિક કટાક્ષથી ભરેલી વાર્તા તરીકે ઊભરી આવે છે. વાર્તાકાર રમણ માધવે આંતરચેતનાના પ્રવાહઅને ફેન્ટસીનો સુંદર સમન્વય કરીને વાચકના માનસપટલ પર ઘેરી અસર છોડી છે.

વાર્તાની શરૂઆત જ વાચકને એક રહસ્યમય અને મનોવૈજ્ઞાનિક દ્વિધામાં મૂકી દે છે. વાર્તાનો નાયક અચેતન અથવા અર્ધચેતન અવસ્થામાં પથારીમાં પડ્યો છે. તેનું શરીર નિશ્ચેષ્ટ છે, પરંતુ તેનું મન અને સંવેદનાઓ સક્રિય છે. પોતાની શારીરિક લાચારી અને યમરાજ સાથેના કાલ્પનિક સંવાદ દ્વારા લેખકે કથાનકને અનોખી ઊંચાઈ આપી છે.

"કોણ જાણે જાગતો હતો કે ઊંઘતો હતો? હાથ-પગ પહોળા કરી પાણીમાં કાચબો પડ્યો હોય એમ હું ચત્તોપાટ પથારીમાં પડ્યો હતો... બંધ પાંપણ ભીતર ભરાયેલું ઘુવડ અંધારને છોડવા તૈયાર નહોતું, એણે પાંપણને ખોલવા જ ના દીધી." (પેજ ૬૦)

યમરાજનું પાત્ર અહીં માત્ર મૃત્યુના દેવ તરીકે નહીં, પરંતુ નાયકની આંતરિક સમીક્ષા કરનાર અને સામાજિક વાસ્તવિકતાનું એક્સ-રે બતાવનાર માધ્યમ તરીકે આવે છે.

યમરાજ કહે છે: "તારી જાતે જ તું જોઈ લેજે આ સંબંધોની સોનોગ્રાફી! બધાના અંતરના એક્સ-રે તારી સામે હશે!" (પેજ ૬૨)

વાર્તાનો એક અગત્યનો પાસું આધુનિક કુટુંબવ્યવસ્થામાં વૃદ્ધોની થતી અવહેલના છે. નાયકની પત્ની 'કંકુ'ના મૃત્યુ પછી દીકરો તેને લોકલાજ કે પોતાના સ્વાર્થ ખાતર શહેરમાં લઈ આવે છે, પણ વૃદ્ધની ઈચ્છાઓનું કોઈ મૂલ્ય નથી. દીકરો અને વહુ વૃદ્ધની હયાતીમાં તેને બોજ ગણે છે, પરંતુ તેના મૃત્યુના ભ્રમ સાથે જ દીકરો વ્યવહારુ બની ઓફિસમાંથી રજા લે છે અને વહુ દીવો પેટાવે છે.

"એણે મોબાઈલ કાઢ્યો, મોં આગળ રાખીને ગંભીર સ્વરોમાં વાત કરી. ઓફિસમાંથી રજા માગી લીધી. વહુએ મારા માથા આગળ દીવો પેટાવ્યો." (પેજ ૬૦-૬૧)

ગામ અને મહોલ્લાના લોકોનો દંભ પણ લેખકે ખુલ્લો પાડ્યો છે. જીવતેજીવ જે ડોસાને અપશુકનિયાળ ગણતા હતા, તેઓ મર્યા પછી સ્નેહનો ડોળ કરે છે:

"સવાર-સવારમાં આ ડોસાનું ડાચું ન જોનારા કે બહારગામ જતાં જતાં અનાયાસે આ રાંડેલા ડોસાનું ડાચું જો જોવાયું હોય તો આખો દહાડો જીવ બાળનારાં ને ગાળો દેનારાં આજે તો છેલ્લે છેલ્લે મરેલાનું મુખડું જોવા તલપાપડ થતાં હતાં ને વહાલપનો ડોળ રચતાં હતાં." (પેજ ૬૧)

સીનિયર સિટીઝન ફોરમમાં કાયદાઓની વાતો કરતા અધિકારીઓ અને બંધારણીય અધિકારોની વાસ્તવિકતા વચ્ચેનો વિરોધાભાસ નાયકના મનમાં ઊઠતા પ્રશ્નો દ્વારા વ્યક્ત થયો છે: "અરે ભાઈ, દીકરા પર પણ કેસ કરાય ખરો? આખરે લાજ તો મારી જ જાય ને?" (પેજ ૬૨)

નાયકનો પોતાની માતૃભૂમિ પ્રત્યેનો ઉત્કટ પ્રેમ આખી વાર્તામાં વણાયેલો છે. તેની અંતિમ ઈચ્છા પોતાના મલકની માટીમાં પોઢી જવાની છે:

"જીવતે જીવ કદાચ મને મારા વતનમાં ના લઈ જાય તો ચલાવી લઈશ પણ ભૈલા, મારા મર્યા પછી તો મને મારા મલકની માટીમાં જ ઢબૂરી દેજે. મારા ગામની ભૂમિ એ તો મારી મા... મને છેલ્લેવાર એ માડીના ખોળામાં જ પોઢાડી દેજે!" (પેજ ૬૨)

પરંતુ જ્યારે શબવાહિની ગામમાં પહોંચે છે, ત્યારે નાયકના સંસ્મરણોનું ગામ અને વર્તમાનનું ગામ સાવ અલગ જ છે. પર્યાવરણનો નાશ થયો છે. કૂવા સુકાઈ ગયા છે, વડલો, આંબો, લીમડો અને આંકડાના ઝાડ ગાયબ થઈ ગયા છે. ગામડું હવે શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણના ગ્રાસમાં આવી ગયું છે:

"તો પછી પ્રભુ, મને પેલી ટેકરી પર હતો એ આંબો, લીમડો, ભૂતિયો પીપળો, પીળી આવળ-બાવળ કેમ દેખાતા નથી?... ને મેં પાછું પૂછ્યું, 'આ પણ તો વડલો હતો ઘટાઘોર! એ વડલા હેઠળ કૂવો અને ગરગડીઓના ખરરર.. ખરરર.. વચ્ચે રણકતી બંગડીઓનો રણકારેય નથી.'" (પેજ ૬૪)

વાર્તાનું સૌથી આકરૂં અને ચિંતનીય પાસું દલિત સમાજ પર થતાં અત્યાચારો અને સમાજમાં વ્યાપેલી અસમાનતા છે. નાયક પોતાના બાળપણ અને મુગ્ધાવસ્થાના પ્રસંગો યાદ કરે છે. સોનલ નામની સવર્ણ કન્યાને ખાડામાં પડતી બચાવવા માટે જ્યારે નાયક તેનો હાથ પકડે છે, ત્યારે છોકરીનો બાપ ભાઈચારો જોવાને બદલે જાતિવાદી ઝેર ઓકે છે:

"એ સાપોલિયાને બહાર કાઢ. મારી છોકરીનો હાથ ઝાલવાની એની આટલી જીગર લ્યા?" (પેજ ૬૩)

વર્તમાન સમયમાં પણ પરિસ્થિતિ ખાસ બદલાઈ નથી. સમાજમાં જાતિવાદ અને અસ્પૃશ્યતાનો ડર અકબંધ છે. 'ઉના કાંડ'નો સંદર્ભ આપીને લેખકે દલિતોમાં વ્યાપેલી દહેશતને સચોટ રીતે વાચા આપી છે:

"સાચી વાત છે, આ તો મરેલી ગાયનેય જીવતી બતાવે ભાઈ! આ ઉના કાંડ થયા પછી તો બહુ બીક લાગે છે! આ ધંધોય છોડી દઈએ પણ છોડવા ક્યાં દે છે?" (પેજ ૬૬)

નાયક આ કડવી વાસ્તવિકતા જોઈને મનોમન લોકશાહીના દંભ પર પ્રહાર કરે છે: "હજીય આ કહેવાતા ઉજળિયાતનાં કાળાં કરતૂત, શોષણ અને અત્યાચાર એવાને એવા જ! સમતા અને બંધુતાનો માથે મોડ મૂકીને આવેલી પેલી લોકશાહી છે ક્યાં?" (પેજ ૬૬)

વાર્તાનો અંત અત્યંત કરુણ અને હચમચાવી મૂકે તેવો છે. નદીઓમાંથી અનિર્ણિત રેતી-ખનનને કારણે નદીની તળિયે ખાડા પડી ગયા છે અને એક-બે ફૂટ ખોદતાં જ પાણી નીકળે છે, જેથી લાશ દાટી શકાતી નથી:

"અમે તો ચારેક જગ્યાએ ખોદ્યું પણ બધેય એ જ રામાયણ, એકાદ હાથ ખોદો એટલે પાણી આવી જાય. બોલો હવે આવામાં માણસની લાશને દાટવી કેવી રીતે?” (પેજ ૬૭)

જ્યારે સ્મશાનની જગ્યા ન મળતા લોકો 'ગૌચર' કે ખરાબાની જગ્યામાં ઘોર ખોદે છે, ત્યારે ગામના સવર્ણો લાકડીઓ, કુહાડીઓ અને ઠંડા લઈને હુમલો કરે છે. જીવતા માણસને તો હક ન મળ્યો, પણ મરેલા માણસની 'લાશ'ને પણ બે ગજ જમીન નસીબ થતી નથી!

"હાલો, એકેયને પડતો મેલશો નહીં. આ તો ખરાબાની જગ્યા ચરિયાણ છે, ત્યાં ક્યાં મસાણ બનાવી દેવા બેઠા છો?... મારી લાશ એકલી અટૂલી..." (પેજ ૬૮)

મરણયાત્રામાં આવેલા લોકો પોતાનો જીવ બચાવવા ભાગી જાય છે અને નાયકની લાશ અનાથ બનીને રણમેદાનમાં પડી રહે છે.

વાર્તાના અંતમાં એક ગીધ આવીને નાયકની છાતી પર બેસીને ચાંચ મારે છે. આ અસહ્ય વેદનાથી નાયક પડખું ફેરવવા મથે છે અને અચાનક દીકરાની વહુના છણકાથી તેની આંખ ખૂલી જાય છે. આખા પ્રસંગે વાચકને ધ્રુજાવી દીધો છે. નાયક શારીરિક રીતે જીવતો હતો પણ સમાજની નિર્દયતા, જાતિવાદ, અને પરિવારની અસંવેદનશીલતાએ તેને જીવતેજીવ 'લાશ' બનાવી દીધો હતો.

"દીકરાની વહુએ એક છણકો કર્યો ને મારી આંખ ખૂલી ગઈ. તોય મને ન સમજાયું કે હું જીવતો છું કે લાશ?" (પેજ ૬૮)

રમણ માધવની 'લાશ' વાર્તા શિલ્પ, કથ્ય અને સંવેદનાની દ્રષ્ટિએ ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે એક માઇલસ્ટોન સમાન છે. તળપદી ભાષાનો સહજ ઉપયોગ, કવિ રાવજી પટેલના કાવ્યખંડોનો યોગ્ય સંદર્ભ, ગંભીર સામાજિક પ્રશ્નોની છાંટ અને માનવ મનની ઊંડી મનોવ્યથાને વણીને લેખકે એક કાળજું કોરી ખાતી વાર્તાસર્જી છે. આ વાર્તા વાચકના મનમાં સતત એક પ્રશ્ન ઘૂંટ્યા કરે છે કે જ્યાં સુધી સમાજમાંથી જાતિવાદ, અસમાનતા અને સંવેદનાહીનતા નહીં નાબૂદ થાય, ત્યાં સુધી માણસ શ્વાસ લેતો હોવા છતાં 'લાશ' બનીને જ જીવશે.

સંદર્ભ: ચૌહાણ, અંબાલાલ, આયોજક. ચમકતા તારલા: સ્વ. ભાવેશ ચૌહાણ વાર્તા-સ્પર્ધા ૨૦૨૦ ઈનામી વિજેતા વાર્તાઓ. અમોલ પ્રકાશન, ૨૦૨૧.

---

ડૉ.અમૃત પરમાર
એસોસિયેટ પ્રોફેસર
ગુજરાતી વિભાગ
શ્રી એચ.કે.આર્ટસ કોલેજ
અમદાવાદ